૩૦-૧૨-૨૦૨૨ પ્રાતઃમોરલી ઓમ્ શાંતિ “બાપદાદા” મધુબન

**“મીઠાં બાળકો - દૂરદેશ થી બાપ આવ્યાં છે ધર્મ અને રાજ્ય બંનેની સ્થાપના કરવાં, જ્યારે દેવતા ધર્મ છે તો રાજાઈ પણ દેવતાઓની છે, બીજો ધર્મ તથા રાજ્ય નથી”**

**પ્રશ્ન :-** સતયુગ માં સર્વ પુણ્ય આત્માઓ છે, કોઈ પાપ આત્મા નથી, એની નિશાની શું છે?
**ઉત્તર :-** ત્યાં કોઈ કર્મભોગ (બિમારી) વગેરે નથી હોતાં. અહીં બિમારીઓ વગેરે સિધ્ધ કરે છે કે આત્માઓ પાપોની સજા કર્મ ભોગનાં રુપમાં ભોગવી રહી છે, જેને જ પાસ્ટ (પહેલાનાં જન્મો) નાં હિસાબ-કિતાબ કહેવાય છે.

**પ્રશ્નઃ-** બાપ નાં કયા ઈશારા ને દૂરાંદેશી બાળકો જ સમજી શકે છે?

**ઉત્તરઃ-** બાપ ઈશારો કરે છે - બાળકો તમે બુદ્ધિયોગ ની દોડ લગાવો. અહીં બેસી બાપ ને યાદ કરો. પ્રેમ થી યાદ કરશો તો તમે બાપ નાં ગળા નાં હાર બની જશો. તમારા પ્રેમનાં આંસુ માળા નાં દાણા બની જાય છે.

**ગીત :-** આખિર વહ દિન આયા આજ...

**ઓમ્ શાંતિ!** બાળકોએ ગીત સાંભળ્યું. ગીત નો અર્થ સમજ્યો. ભારત તો ખૂબજ મોટું છે. આખાં ભારતને નથી ભણાવી શકાતું. આ તો ભણતર છે - કોલેજ ખુલતી જશે. આ થઈ બેહદનાં બાપની યુનિવર્સિટી. આને કહેવાય છે પાંડવ ગવર્મેન્ટ. ગવર્મેન્ટ કહેવાય છે સોવરન્ટી (રાજાઈ) ને. હવે આપ બાળકો જાણો છો-સોવરન્ટી સ્થાપન થઈ રહી છે. ધર્મ પ્લસ (સાથે) સાવરન્ટી. રિલીજો પોલિટિકલ (ધર્મ રાજ્ય)..... દેવી-દેવતા ધર્મ પણ સ્થાપન થઈ રહ્યો છે બીજા કોઈ પણ ધર્મ વાળા રાજાઈ નથી સ્થાપન કરતાં. તેઓ ફક્ત ધર્મ સ્થાપન કરે છે. બાબા કહે છે કે હું આદિ સનાતન ધર્મ અને રાજાઈ સ્થાપન કરી રહ્યો છું, તેથી રિલીજો પોલિટિકલ કહેવાય છે. બાળકોએ બહુજ દૂરાંદેશી બુદ્ધિ બનવું જોઈએ. બાપ દૂરદેશ થી આવેલાં છે. આમ તો દૂરદેશ થી તો સર્વ આત્માઓ આવે છે. તમે પણ દૂરદેશ થી આવ્યાં છો. નવો ધર્મ જે સ્થાપન કરવા આવે છે - એ આત્માઓ દૂરથી આવે છે. એ છે ધર્મ સ્થાપક અને આમને (શિવબાબા ને) કહેવાય છે ધર્મ અને સોવરન્ટી સ્થાપક. ભારતમાં સોવરન્ટી હતી. મહારાજા-મહારાણી હતાં. મહારાજા શ્રી નારાયણ, મહારાણી શ્રી લક્ષ્મી. તો હવે આપ બાળકો કહેશો અમે શ્રીમત પર ચાલી રહ્યાં છીએ. બાબા, જેમને આપણે બધાં ભારતવાસી પોકારતા આવ્યાં છીએ કે આવો - આવીને જૂની દુનિયાને બદલી નવી સુખ ની દુનિયા સ્થાપન કરો. જૂનાં ઘર અને નવાં ઘર માં અંતર તો હોય છે ને. બુદ્ધિમાં નવું મકાન જ યાદ રહે છે. આજકાલ તો મકાન બહુજ ફેશનેબલ બને છે. ખ્યાલ કરતા રહે છે - આવાં-આવાં મકાન બનાવીએ. તમે જાણો છો આપણે આપણો ધર્મ અને રાજાઈ સ્થાપન કરી રહ્યાં છીએ. સ્વર્ગમાં આપણે હીરા ઝવેરાતો નાં મહેલ બનાવીશું. બીજા ધર્મ વાળા એવું નથી સમજતાં. જેવી રીતે ક્રાઈસ્ટ ક્રિશ્ચન ધર્મ સ્થાપન કરવા આવ્યાં, આ તે સમયે નથી સમજતાં, જ્યારે વૃધ્ધિ થાય છે ત્યારે નામ રાખે છે ક્રિશ્ચન ધર્મ. ઈસ્લામી વગેરે ધર્મ કોઈ પણ નિશાની અથવા નામ નથી રાખતાં. તમારી નિશાની શરું થી લઈને હજું સુધી ચાલતી રહે છે. લક્ષ્મી-નારાયણ નાં ચિત્ર છે - આ પણ જાણો છો કે એમનું રાજ્ય સતયુગ માં હતું. તમને આ જ્ઞાન ત્યાં નહીં હોય કે પહેલાં કોની રાજધાની હતી, ભવિષ્ય માં કોની રાજધાની હશે. ફક્ત વર્તમાન ને જાણો છો, બસ. હમણાં તમે ભૂત, વર્તમાન, ભવિષ્ય ને જાણો છો. પહેલાં-પહેલાં આપણો ધર્મ હતો, પછી આ ધર્મ આવ્યાં

છે. સંગમ પર જ બાપ સમજાવે છે. હવે તમે ત્રિકાળદર્શી બની ગયાં છો. સતયુગ માં ત્રિકાળદર્શી નહીં હશો. ત્યાં તો રાજાઈ કરતા રહેશો બીજા ધર્મોનું નામો-નિશાન નહીં હશે. પોતાની મોજ માં રાજાઈ કરતા રહેશો.

હમણાં તમે આખાં ચક્રને જાણો છો. મનુષ્ય એ તો નથી જાણતાં કે બરાબર દેવી-દેવતા ધર્મ હતો. પરંતુ તે કેવી રીતે સ્થાપન થયો, કેટલો સમય ચાલ્યો - આ નથી જાણતાં. તમે જાણો છો સતયુગ માં આટલાં જન્મ રાજ્ય કર્યું પછી ત્રેતામાં આટલાં જન્મ લીધાં. આમને પણ જાણવું પડશે. બાળકો જાણે છે બરાબર બેહદનાં બાપ અમને ભણાવે છે. તમે જાણો છો કૃષ્ણનાં આત્માનો આ અનેક જન્મો નો અંતનો જન્મ છે, એમાં જ આવીને પ્રવેશ કર્યો છે. આમનું નામ બ્રહ્મા જરુર જોઈએ. બ્રહ્મા સો વિષ્ણુ, વિષ્ણુ સો બ્રહ્મા. આ ત્રિમૂર્તિ નું જ્ઞાન બહુજ સિમ્પલ (સરળ) છે. આ નિરાકાર બાપ શિવ, એમની પાસે થી આ વારસો મળે છે. નિરાકાર પાસે થી વારસો કેવી રીતે મળ્યો - આ પ્રજાપિતા બ્રહ્મા દ્વારા બ્રાહ્મણ સો દેવતા બની રહ્યાં છે. પછી એ જ દેવતાઓ ૮૪ જન્મો નાં પછી બ્રાહ્મણ બને છે. આ ચક્ર બુદ્ધિમાં રહેવું જોઈએ. હમ સો બ્રાહ્મણ, બ્રહ્માનાં બાળકો તે રુદ્ર (શિવ) નાં બાળકો. આપણે આત્માઓ નિરાકારી બાળકો છીએ. બાપ ને યાદ કરીએ છીએ. આ ચિત્રો પર સમજાવવું ખુબ સહજ છે. તપસ્યા કરી રહ્યાં છીએ પછી સતયુગ માં આવીશું. તમારી બુદ્ધિમાં રહેવું જોઈએ - અમે મનુષ્ય થી દેવતા બની રહ્યાં છીએ. પછી દેવતા ધર્મ નાં બાદશાહ બની રાજ્ય કરીશું. યોગ થી જ તમારા વિકર્મ વિનાશ થશે. જો હજી પણ પાપ કરતાં રહેશો તો શું બનશો. યાત્રા પર જ્યારે જાય છે તો પાપ નથી કરતાં. પવિત્ર પણ જરુર રહે છે. સમજે છે દેવતાઓની પાસે જઈએ છીએ. મંદિરમાં પણ હંમેશા સ્નાન કરીને જાય છે. સ્નાન કેમ કરે છે? એક તો વિકાર માં જાય છે, બીજું લેટ્રીન (શૌચ) માં જાય છે. પછી સ્વચ્છ બનીને દેવતાઓનાં દર્શન કરવા જાય છે. યાત્રા પર ક્યારેય પતિત નથી બનતાં. ૪ ધામો ની પરિક્રમા પાવન થઈને આપે (કરે) છે. તો પવિત્રતા છે મુખ્ય. દેવતાઓ પણ જો પતિત હોય તો ફરક શું રહ્યો. દેવતાઓ પાવન છે, આપણે પતિત છીએ. તમે જાણો છો બાબાએ અમને બ્રહ્મા દ્વારા ગોદ (દત્તક) લીધાં છે. આમ તો તમે સર્વ આત્માઓ મારા બાળકો છો, પરંતુ તમને ભણાવું કેવી રીતે? રાજયોગ કેવી રીતે શિખવાડું? તમને મીઠાં-મીઠાં બાળકોને સ્વર્ગ નાં માલિક કેવી રીતે બનાવું? તમે જાણો છો બાબા નવી દુનિયા સ્થાપન કરે છે. તો ભગવાન જરુર બાળકોને લાયક બનાવીને વારસો આપશે. ક્યાં લાયક બનાવશે? સંગમયુગ માં. બાપ કહે છે, હું સંગમ પર આવું છું. આ વચ્ચે નો બ્રાહ્મણ ધર્મ જ અલગ થઈ જાય છે. કળિયુગ માં છે શૂદ્ર ધર્મ. સતયુગ માં છે દેવતા ધર્મ. આ છે બ્રાહ્મણ ધર્મ. તમે બ્રાહ્મણ ધર્મ નાં છો. આ સંગમયુગ બહુજ નાનો છે. હવે તમે આખાં ચક્રને જાણી ગયાં છો. દૂરાંદેશી બની ગયાં છો.

તમે જાણો છો કે આ બાબા નો રથ છે, એને નંદીગણ પણ કહે છે. આખો દિવસ સવારી થોડી થાય છે. આત્મા શરીર પર આખો દિવસ સવારી કરે છે. અલગ થઈ જાય તો શરીર ન રહે. બાબા તો આવી-જઈ શકે છે કારણ કે એમને પોતાનો આત્મા છે. તો હું આમનામાં સદૈવ નથી રહેતો, સેકન્ડમાં આવી-જઈ શકું છું. મારા જેવું તીખું (ઝડપી) રોકેટ કોઈ હોઈ જ ન શકે. આજકાલ રોકેટ, એરોપ્લેન વગેરે કેટલી વસ્તુ બનાવી છે. પરંતુ સૌથી તીખો આત્મા છે. તમે બાપ ને યાદ કરો- આ આવ્યાં. આત્માને હિસાબ-કિતાબ અનુસાર લંડન માં જન્મ લેવાનો હશે તો સેકન્ડમાં ત્યાં જઈને ગર્ભમાં પ્રવેશ કરશે. તો સૌથી તીખી દોડ લગાવવા વાળો આત્મા છે. હમણાં આત્મા પોતાનાં ઘરે જઈ નથી શકતો કારણ કે તે તાકાત જ નથી રહી. કમજોર થઈ ગયો છે, ઉડી નથી શકતો. આત્મા પર પાપો નો બોજ ખૂબ છે, શરીર પર જો બોજ હોત તો આગ થી પવિત્ર થઈ જાત, પરંતુ આત્મામાં જ ખાદ પડે

છે. તો આત્મા જ સાથે હિસાબ-કિતાબ લઈ જાય છે એટલે કહેવાય છે - પહેલાનાં કર્મભોગ છે. આત્મા સંસ્કાર સાથે લઈ જાય છે. કોઇ જન્મ થી લંગડા હોય છે તો કહેવાય છે કે પાસ્ટ માં (પહેલાનાં જન્મ માં) એવાં કર્મ કર્યા છે. જન્મ-જન્માંતર નાં કર્મ છે જે ભોગવવા પડે છે. સતયુગ માં છે જ પુણ્ય આત્મા. ત્યાં આ વાતો હોતી નથી. અહીં છે બધાં પાપ આત્માઓ. સંન્યાસીઓ ને પણ અર્ધાંગ (લકવો) થઇ જાય છે તો કહેશે કર્મભોગ. અરે મહાત્મા શ્રી શ્રી ૧૦૮ જગતગુરુ ને પછી આ બિમારી કેમ? કહેશે કર્મભોગ. દેવતાઓ માટે એવું નહીં કહેશે. ગુરુ મરશે તો ફોલોઅર્સ (અનુયાયીઓ) ને જરુર અફસોસ (પસ્તાવો) થશે. બાપ પર પણ વધારે લવ (પ્રેમ) હોય છે તો રડે છે. સ્ત્રીનો પતિ સાથે વધારે પ્રેમ હશે તો રડશે. પતિ દુઃખી કરવા વાળો હશે તો નહીં રડે. મોહ નહીં હશે તો સમજશે ભાવી. તમારો પણ બાપની સાથે બહુજ લવ છે. અંત માં બાબા ચાલ્યાં જશે-તમે કહેશો ઓહો! બાબા ચાલ્યાં ગયાં, જેમણે આટલુ સુખ આપ્યું! અંતમાં ઘણાં રહે છે. બાપથી બહુજ લવ રહે છે. તમે કહેશો બાબા અમને રાજાઇ આપીને ચાલ્યાં ગયાં. પ્રેમ નાં આંસુ આવશે, દુઃખ નાં નહીં. અહીં પણ બાળકો ઘણાં સમય પછી આવીને બાપને મળે છે તો પ્રેમનાં આંસુ આવે છે. આ પ્રેમનાં આંસુ પછી માળાનાં દાણા બની જશે. આપણો પુરુષાર્થ જ છે કે આપણે બાબા નાં ગળા નાં હાર બનીએ, તેથી બાબાને યાદ કરતાં રહીએ છીએ.

બાબાનું ફરમાન (આજ્ઞા) છે- યાદની યાત્રા કરતાં રહો. જેવી રીતે દોડાવાય છે ફલાણા સ્થાન ને હાથ લગાવીને આવો, પછી નંબરવાર હોય છે. અહીં પણ જેટલાં બાબાને વધારે યાદ કરશે, જે પહેલાં દોડ લગાવીને જશે એ જ પછી પહેલાં સ્વર્ગમાં ફરી આવીને રાજ્ય કરશે. આપ સર્વ આત્માઓ બુદ્ધિનાં યોગ થી દોડી રહ્યાં છો. અહીં બેઠા-બેઠા ત્યાં દોડી રહ્યાં છો. આપણે શિવબાબાનાં બાળકો છીએ. બાબા ઈશારો કરે છે-મને યાદ કરો, દૂરાંદેશી બનો. તમે દૂરદેશ થી આવ્યાં છો. હવે આ પારકો દેશ વિનાશ થઈ જશે. આ સમયે તમે રાવણ નાં દેશમાં છો, આ ધરતી રાવણ ની છે. પછી તમે બેહદનાં બાપની ધરતી પર આવશો. ત્યાં છે રામરાજ્ય. રામરાજ્ય બાપ સ્થાપન કરે છે. પછી અડધામાં રાવણ રાજ્ય ડ્રામા અનુસાર નોંધાયેલું છે. આ બધી વાતો આપ બાળકો જ જાણો છો એટલે તમે પ્રશ્ન પૂછો છો, કોઇ નહીં બતાવી શકે. જો કહે આત્માનાં ફાધર (પિતા), ગોડ ફાધર છે. અચ્છા, તમને એમની પાસે થી શું વારસો મળવો જોઈએ? આ છે પતિત દુનિયા. બાપે પતિત દુનિયા તો નથી રચી ને. કોઈને પણ સમજાવવું ખુબ સહજ છે. ચિત્ર દેખાડવા પડે. ત્રિમૂર્તિ નું ચિત્ર કેટલું સારું છે. એવું કાયદા અનુસાર ત્રિમૂર્તિ શિવ નું ચિત્ર ક્યાંય છે નહીં. બ્રહ્માને દાઢી દેખાડે છે. વિષ્ણુ અને શંકર ને નથી દેખાડતાં. એમને દેવતા સમજે છે. બ્રહ્મા તો પ્રજાપિતા છે. કોઈએ કેવાં, કોઈએ કેવાં બનાવ્યાં છે. હમણાં આપ બાળકોની બુદ્ધિ માં આ બધી વાતો છે, બીજા કોઈની બુદ્ધિમાં નથી આવતું. જેમકે સાવરા (પથ્થર બુદ્ધિ) છે. રાવણ ને કેમ બાળે છે-કાંઇ ખબર જ નથી. રાવણ છે કોણ? ક્યારથી આવ્યો? કહી દે છે અનાદિકાળ થી બાળે છે. તમે સમજો છો - આ અડધોકલ્પ નો દુશ્મન છે. દુનિયામાં અનેક મતો છે, જેમણે જે સમજાવ્યું તે નામ રાખી દીધું. કોઈએ મહાવીર નામ નાખી (રાખી) દીધું. હવે મહાવીર તો હનુમાન ને દેખાડે છે. અહીં આદિદેવ મહાવીર નામ કેમ રાખ્યું છે? મંદિર માં મહાવીર, મહાવીરની અને આપ બાળકો બેઠા છો. એમણે માયા પર જીત મેળવી છે એટલે મહાવીર કહેવાય છે. તમે પણ અનાયાસે જ પોતાની જગ્યા પર આવીને બેઠા છો. તે તમારું યાદગાર છે. તે છે જડ. તો પણ ચિત્ર જરુર લગાવવા પડે, જ્યાં સુધી ચૈતન્ય ની પાસે આવીને સમજે. દેલવાડા મંદિરનું રહસ્ય ખૂબજ સરસ સમજાવી શકો છો. આ ભણીને ગયાં છે ત્યારે ભક્તિમાર્ગ માં આ યાદગાર બન્યાં છે. તમારી રાજધાની સ્થાપન કરવામાં ખૂબ મહેનત લાગે છે. ગાળો પણ ખાવી પડે છે કારણ કે કલંગીધર બનવાનું

છે. હમણાં તમે બધાં ગાળો ખાઓ છો. સૌથી વધારે ગ્લાનિ (નિંદા) મારી કરી છે. પછી પ્રજાપિતા બ્રહ્માને પણ ગાળો આપે છે. મિત્ર સંબંધી વગેરે બધાં બગડી પડે છે. વિષ્ણુ તથા શંકર ને થોડાં ગાળો આપશે. બાપ કહે છે - હું ગાળો ખાઉં છું. તમે બાળકો બન્યાં છો તો તમારે પણ ભાગ લેવો પડે છે. નહીં તો આ પોતાનાં ધંધામાં હતો, ગાળો ની વાત જ નથી. સૌથી વધારે ગાળો મને આપે છે. પોતાનાં ધર્મ-કર્મ ભૂલી ગયાં છે. કેટલું સમજાવે છે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સારઃ-**

૧) દૂરાંદેશી બનવાનું છે. યાદની યાત્રા થી વિકર્મો નો વિનાશ કરવાનો છે. યાત્રા પર કોઈ પણ પાપ કર્મ નથી કરવાનાં.

૨) મહાવીર બની માયા પર જીત મેળવવાની છે. ગ્લાનિ થી ડરવાનું નથી, કલંગીધર બનવાનું છે.

**વરદાન :- સર્વ શક્તિઓનો અનુભવ કરતાં, સમય પર સિધ્ધિ પ્રાપ્ત કરવા વાળા નિશ્ચિત વિજયી ભવ**

સર્વ શક્તિઓથી સંપન્ન નિશ્ચયબુધ્ધિ બાળકો નો વિજય નિશ્ચિત છે જ. જેમકે કોઈની પાસે ધન ની, બુધ્ધિ ની કે સંબંધ સંપર્કની શક્તિ હોય છે તો એમને નિશ્ચય રહે છે કે આ શું મોટી વાત છે! તમારી પાસે તો સર્વ શક્તિઓ છે. સૌથી મોટું ધન અવિનાશી ધન સદા સાથે છે, તો ધનની પણ શક્તિ છે, બુધ્ધિ અને પોઝિશન ની પણ શક્તિ છે, એનો ફક્ત ઉપયોગ કરો, સ્વ પ્રત્યે કાર્યમાં લગાવો તો સમય પર વિધી દ્વારા સિધ્ધિ પ્રાપ્ત થશે.

**સ્લોગન :-** વ્યર્થ જોવા તથા સાંભળવાનો બોજ સમાપ્ત કરવો જ ડબલ લાઇટ બનવું છે.